# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-02-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ CM KISHAN SANMAN NIDHI

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના 6 વર્ષ પૂર્ણ થયા છે. આ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બિહારના ભાગલપુરથી કિસાન સન્માન નિધિનો 19મો હપ્તો છૂટો કરશે. રાજ્યમાં પણ આ કાર્યક્રમ યોજાઇ રહ્યો છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યાં છે. આ ઉપરાંત રાજ્યભરમાં આ કાર્યક્રમ યોજાઇ રહ્યો છે. કિસાન સન્માન નિધિ અનુસાર રાજ્યમાં 66 લાખ 55 હજાર ખેડૂતોને અત્યાર સુધી 18 હજાર 800 કરોડ રૂપિયા મળ્યાં છે.

આજના આ કાર્યક્રમ થકી પણ રાજ્યના પાત્ર ખેડૂતોને આ સહાય ચૂકવવામાં આવશે.

# ARAVALLI EXAM CV

રાજ્યમાં આગામી 27મી તારીખથી બોર્ડની પરીક્ષાઓ શરૂ થશે. તે માટે દરેક જીલ્લાઓમાં તંત્ર અને શાળાઓ દ્વારા પૂરજોશમાં તેયારીઓ થઇ રહી છે.

ત્યારે અરવલ્લી જિલ્લામાં બોર્ડની પરીક્ષાને લઇને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. બાળકો તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે સલાહકારોની નિમણૂક કરવામાં આવી છે. પ્રસ્તુત છે એક અહેવાલ...

**(વોઇસ કાસ્ટ –અંકિત ચૌહાણ, અરવલ્લી)**

# KUTCH C R PATIL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે કચ્છના ભારાપર ખાતે આયોજિત ત્રિવેણી ઉત્સવમાં જળ સંચય અભિયાનને જન આંદોલનમાં પરિવર્તિત કરવા આહ્વાન કર્યું. શ્રી પાટિલે કહ્યું કે, કચ્છ એ દાતાઓની ભૂમિ છે. આ પ્રસંગે આગામી ચોમાસા પૂર્વે જુદી-જુદી સંસ્થાના સહયોગથી કચ્છમાં છ હજાર જેટલા બોર રિચાર્જ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

# SHIVRATRI CELEBRATION

મહાશિવરાત્રીના પર્વમાં મહેસાણા બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય દ્વારા શહેરના ટાઉનહોલ ખાતે શિવ દર્શનથી સ્વર્ણિમ સંસ્કૃતિ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં રશિયાથી આવેલા 33 કલાકારો પોતાની કૃતિઓ થકી વાતાવરણને શિવ ભકિતમય બનાવશે. તેમની કૃતિઓ થકી મનુષ્યની મનોવૃતિયોને શ્રેષ્ઠ બનાવીને એક ઉત્તમ સમાજની રચના વિશે સમજ આપવામાં આવશે.

# ARAVALLI CYCLING

અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એવરી સન્ડે ઓન સાયકલિંગનું આયોજન કરાઇ રહ્યું છે. જે અંતર્ગત મોડાસાના માલપુર બાયપાસ રોડ પરથી સાયકલિંગની શરૂઆત કરાઇ. આ પ્રસંગે જિલ્લા કલેકટર પ્રશસ્તિ પારીકે શહેરીજનોને મોટી સંખ્યામાં સાયકલિંગમાં જોડાવા અપીલ કરી.

**(બાઇટ: પ્રશસ્તિ પારિક, જિલ્લા કલેક્ટર)**

# PANCHMAHAL CROP

ઊંચા તાપમાનની અસર પંચમહાલ જિલ્લાના ઘઉંના પાક ઉપર પડી રહી છે. આ અંગે વેજલપુર કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કૃષિ હવામાન શાસ્ત્રી સુનિલ યાદવે જણાવ્યું કે જો તાપમાનની આ સ્થિતિ સતત રહેશે તો ઘઉંનો વિકાસ અટકી જશે. શ્રી યાદવે ઉમેર્યું કે ઓછામાં ઓછા 10 થી 15 દિવસ સુધી લઘુત્તમ તાપમાન 15 ડિગ્રીથી નીચું રહેશે તો છોડને વિકાસ કરવાનો સમય મળી શકે તેમ છે.

ઉલ્લેખનીય છે કે પંચમહાલ જિલ્લામાં રવિ ઋતુમાં 14 હજાર 637 હેક્ટરમાં ઘઉંનું વાવેતર કરાયું છે.

# NAVSARI BUDGET

નવસારી જિલ્લા પંચાયતનું વર્ષ 2025-26નું અંદાજપત્ર રજૂ કરાયું, જેને વિપક્ષના વિરોધ વિના સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું. જિલ્લા પંચાયતના પ્રમુખ પરેશ દેસાઈએ 10 હજાર 693 કરોડનું અંદાજ પત્ર રજૂ કર્યું. આ અંદાજ પત્રમાં શિક્ષણ અને આરોગ્ય ઉપર વિશેષ ભાર આપવાની સાથે જાહેર બાંધકામ અને વિકાસના કામો સહિત સિંચાઈના કામો માટે વિશેષ ફાળવણી કરાઇ હતી.

# BOTAD KHEL MAHAKUMBH

બોટાદ ખાતે મનો દિવ્યાંગ તથા શ્રવણમંદ દિવ્યાંગ ખેલાડીઓનો જિલ્લાકક્ષાનો ખેલ મહાકુંભ યોજાયો. જેમાં મનો દિવ્યાંગ વિભાગમાંથી 253 જ્યારે શ્રવણમંદ વિભાગમાંથી 35 જેટલા ખેલાડીઓએ ભાગ લીધો. શ્રવણમંદ વિભાગમાં 100 અને 200 મીટર દોડ તેમજ મનો દિવ્યાંગ વિભાગમાં 100, 200, 400, 800 મીટર દોડ, લાંબી કુદ, શોટપુટ, સોફ્ટ બોલ થ્રો, બેડમિન્ટન, સાયકલિંગ જેવી સ્પર્ધા યોજાઇ.

# JIRU PRODUCTION

ઊંઝા માર્કેટયાર્ડમાં જીરાના પાકની ખૂબ સારી આવક થઈ રહી છે. જીરાની 3 હજારથી વધુ બોરીની આવક નોંધાઇ હતી. જેમાં સારી ક્વોલિટીનો ભાવ રૂપિયા 4000 થી 4500 સુધીના હતા. જ્યારે મધ્યમ કોવોલેટીનો ભાવ રૂપિયા 3600 થી 4000 અને સામાન્ય ગુણવત્તાના જીરાનો ભાવ રૂપિયા 3400 થી 3600 સુધીના રહ્યા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)